| હવામાન | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અંકલેશ્વર | ૩૦.૦° સે. | ૨૬.૦° સે. |
| બારડોલી | ૨૯.૦° સે. | ૨૬.૦° સે. |
| ભરૂચ | ૩૦.૦° સે. | ૨૬.૦° સે. |
| વ્યારા | ૨૯.૦° સે. | ૨૬.૦° સે. |

# બારડોલી-વ્યારા-ભરૂચ

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

બારડોલી : ૦૨૬૨૨-૨૨૦૪૮૪ | વ્યારા : ૮૯૮૦૧૬૩૧૬૩ | ભરૂચ : ૯૪૮૪૯૯૬૩૨૪

મંગળવાર ૧૬ જુલાઈ, ૨૦૨૪




દહેલી નાળા પર પાણી ફરી વળ્યા



નેત્રંગમાં જળબંબાકાર



પ્રદીપ ગુર્જર

# નેત્રંગમાં મેઘપ્રકોપ: ઘરોમાં પાણી, પુલ તૂટ્યા

**માત્ર** બે કલાકના સમયગાળામાં જ સાડા પાંચ ઈંચ વરસાદ ખાબકતાં જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયું

**મોવીથી** ડેડિયાપાડા રોડ ઉપર ચાલ ગામે પુલ તૂટી પડતાં વાહનવ્યવહાર ખોરવાયો

**રસ્તા** ઉપર એક ફૂટથી વધુ વરસાદી પાણી ફરી વળતાં કલાકો સુધી ટ્રાફિકજામ સર્જાયો

નેત્રંગ, ભરૂચ: નેત્રંગમાં બે દિવસથી મેઘરાજાનો તોફાની મૂડમાં જણાઈ રહ્યા છે. ત્યારે સોમવારે સવારના આઠથી દસ વાગ્યાના સમયગાળા જ ૧૩૩ એમ.એમ. એટલે કે સાડા પાંચ ઈંચ વરસાદ વરસી પડતાં જળબંબાકારની સ્થિતિ ઉદભવી હતી. એ સાથે સાંજ સુધીમાં ૧૮૮ એમ.એમ. એટલે કે પોણા આઠ ઈંચ પાણી પડ્યું હતું. નેત્રંગ ટાઉનના જીનબજાર, ગાંધીબજાર અને જૂના નેત્રંગ અને ગામેગામના નીચાણવાળા વિસ્તારમાં આવેલાં ઘરોમાં વરસાદી પાણી ઘૂસતાં ઘરવખરીનો સામાન-જીવન જરૂરિયાતની ચીજવસ્તુને ભારે નુકસાન પહોંચ્યું હતું. નેત્રંગ તાલુકાની સીમમાંથી પસાર થતી અમરાવતી, ટોકરી, મધુવંતી, કરજણ અને કીમ નદીમાં ઘોડાપૂર આવતાં નદી કાંઠાનાં કેટલાંક ગામો સંપર્કવિહોણા બન્યાં હતાં. નેત્રંગમાં વરસાદી પાણી રોડ-રસ્તા ઉપર ફરી વળતાં કલાકોથી વાહન વ્યવહાર ઠપ રહેતાં ભારે ટ્રાફિકજામ થઈ ગયો હતો. કોઈ અનિચ્છનીય બનાવ નહીં બને એ માટે નેત્રંગ મામલતદાર કોકણી, તાલુકા વિકાસ અધિકારી સોહેલ પટેલ અને પોલીસ સ્ટેશનના પીએસઆઈ આર.આર.ગોહિલ તેમજ સ્ટાફ ખડેપગે ફરજ ઉપર તૈનાત રહ્યો હતો. જો કે, મોડી સાંજે મેઘરાજાએ વિરામ લીધો હતો. સવારના છ વાગ્યાથી લઈ સાંજના ચાર વાગ્યા સુધીમાં ૧૮૮ એમ.એમ. એટલે કે પોણા આઠ ઈંચની સાથે તા.૧૫-૭-૨૪ના રોજ મોસમનો કુલ વરસાદ ૬૫૨ એમ.એમ. એટલે કે 27 ઈંચ નોંધાઈ ચૂક્યો છે.



પ્રદીપ ગુર્જર

કરજણ ડેમમાંથી 30 હજાર ક્યુસેક્સ પાણી છોડાયું

લાછરસ અને માંગરોળ ગામમાં લોકોનાં ઘરોમાં પાણી ઘૂસ્યા

## વરસાદ વિનાશ લાવ્યો: વાલિયા-વાડી રોડ ઉપર આવેલા ડાયવર્ઝન રોડના ડામરના પોપડા ઉખડીને પાણીમાં વહી ગયા

કીમ, ટોકરી અને અમરાવતી નદીઓ બે કાંઠે વહેવા માંડી હતી, જેમાં કીમ નદીમાં પહેલી વખત પુર આવતા જ ડહેલી પાસે વાલિયા-વાડી રોડ પર આવેલા ડાયવર્ઝન રોડના ડામરના પોપડા ઉખડીને પાણીમાં વહી ગયા હતા. સાથે જ વાલિયાથી તુણા ગામે જવા માટે બનાવેલા કોઝવે પરથી પાણી ઉપરથી વહી રહ્યું હતું. વહીવટી તંત્રએ ત્રણ રસ્તા બંધ કરવાની ફરજ પડી હતી, જેમાં બ્લેક સ્ટોન માટે ઉપયોગી ગણાતો વાલિયા-વાડી રોડ પર ડહેલીમાં કીમ નદી કિનારે ડાયવર્ઝન પરથી પાણી જતા હાલમાં મોટાં વાહનો માટે બંધ કરાયો છે. મોવીથી ડેડિયાપાડા સ્ટેટ હાઈવે નં-૧૬૦ રોડ પર ચલ ગામે નદીમાં પુલો તૂટી પડતાં બંધ કરવાની ફરજ પડી છે અને મોવીની આગળ બીતાડા બસ સ્ટેન્ડ પર જર્જરિત પુલ તૂટી પડતાં રોડ બંધ કરાયો હતો.

### ભરૂચ જિલ્લામાં ક્યાં કેટલો વરસાદ

નેત્રંગ-૧૮૮ મીમી
ઝઘડિયા-૩૨ મીમી
ભરૂચ-૧૫ મીમી
વાલિયા-૧૫ મીમી
અંકલેશ્વર-૧૧ મીમી
હાંસોટ-૯ મીમી
આમોદ-૮ મીમી
જંબુસર-૪ મીમી
વાગરા-૩ મીમી

## બલડેવા-પીંગોટ અને ધોલી ડેમની સપાટીમાં 3 મીટરનો વધારો

નેત્રંગ તાલુકામાં ધોધમાર વરસાદના પગલે બલડેવા-પીંગોટ અને ધોલી ડેમના પાણીની સપાટીમાં એકસાથે 3 મીટર જેટલો ધરખમ વધારો થયો છે. હાલમાં બલડેવા ૧૩૯.૮૦ મીટર, પીંગોટ ૧૩૬.૪૦ અને ધોલી ૧૩૪.૩૦ મીટર પાણીની સપાટી છે. આવનાર ટૂંક સમય ત્રણેય ડેમ ઓવરફ્લો થવાની પૂરેપૂરી શક્યતા જણાઇ રહી છે.

## નર્મદા જિલ્લામાં સિઝનનો સૌથી વધુ વરસાદ પડ્યો: નાળાં તૂટ્યાં, રસ્તા જળમગ્ન



રાજપીપળા: રાજપીપળામાં સોમવારે વહેલી સવારથી ભારે વરસાદ વરસતાં ચોમેર વરસાદી માહોલ થઇ જતાં ગ્રામ્ય વિસ્તારોમાં રસ્તા પર પાણી ભરાઈ ગયા હતા. જ્યારે ભારે વરસાદને પગલે કરજણ ડેમના ત્રણ દરવાજા ખોલી 30 હજાર ક્યુસેક પાણી કરજણ નદીમાં છોડાયું હતું. લાછરસ અને માંગરોળ ગામમાં લોકોનાં ઘરોમાં પાણી ઘૂસ્યા પ્રાપ્ત માહિતી મુજબ અત્યાર સુધી રાજપીપળા પંથકમાં ચોમાસાની શરૂઆત થતાં 12 ઈંચ જેટલો છૂટોછવાયો વરસાદ વરસ્યો હતો. જ્યારે છેલ્લા એક સપ્તાહથી વધુના વિરામ બાદ સોમવારે વહેલી સવારથી ભારે વરસાદ વરસતાં ધરતીપુત્રોમાં ખુશીની લાગણી છવાઈ ગઈ હતી. સોમવારે સવારે 5 વાગ્યાથી 12 વાગ્યા સુધીમાં રાજપીપળા તાલુકામાં 5 ઈંચ, ગરુડેશ્વર તાલુકામાં 6 ઈંચ, જ્યારે તિલકવાડામાં 3 ઈંચ વરસાદ વરસતાં સર્વત્ર જળબંબાકાર થયો હતો. ભારે વરસાદને કારણે લાછરસના કેટલાક વિસ્તારમાં લોકોનાં ઘરોમાં પાણી ઘૂસી જતાં તંત્ર તરફથી તમામને અન્યત્ર ખસેડી તેમના ભોજનની વ્યવસ્થા કરવામાં આવી હતી. જ્યારે નજીકના માંગરોળ ગામમાં પણ આ જ પરિસ્થિતિ સર્જાઈ હતી. તો માંગરોળ-રામપુરા રોડ પરના નાળાનું પણ ધોવાણ થયું હતું. ઉપરવાસમાં ભારે વરસાદને કારણે કરજણ નદીમાં પાણીનો પ્રવાહ વધતાં કરજણ ડેમના ત્રણ દરવાજા ખોલી 30 હજાર ક્યુસેક પાણી નદીમાં છોડતાં કરજણ નદી બે કાંઠે વહેતી થઇ હતી. આજનો ભારે વરસાદ સિઝનનો પ્રથમવારનો ભારે વરસાદ મનાય છે.

### નર્મદા જિલ્લામાં ક્યાં કેટલો વરસાદ પડ્યો

ગરુડેશ્વર-6 ઈંચ
રાજપીપળા-5 ઈંચ
તિલકવાડા-3 ઈંચ

# ચેકડેમોનું કામ મિકેનિકલની મશીનરીઓથી થાય તેમ હતું, છતાં કરોડોનું ટેન્ડરિંગ થયું!

**મિકેનિકલ** વિભાગને આશરે ૬ કરોડનાં માટીનાં કામો કરવા જણાવ્યું, છતાં સિંચાઇ વિભાગે ટેન્ડરિંગથી કામ કરાવ્યાં



### ૬ કરોડનાં કામો કરવા જણાવ્યું હતું

સિંચાઈ વિભાગ વેર-૨ના અધિકારીએ મિકેનિકલ વિભાગને આશરે ૬ કરોડનાં કામો કરવા જણાવ્યું હતું. હાલ મિકેનિકલ વિભાગની મશીનરીઓથી મહુવાના ઓંડચ અને વ્યારાના પેરવડના ચેકડેમમાં માટીનાં કામો કરવામાં આવ્યાં છે.
**-કે.એમ.ચૌધરી, કાર્યપાલકઈજનેર, મિકેનિકલવિભાગ, ઉકાઈ.**

વ્યારા: વ્યારામાં ઢોલીઉંમર, પેરવડ-હનુમંતિયા, ભોજપુરના માટી પુરાણનાં મહત્તમ કામો સિંચાઈના મિકેનિકલ વિભાગની મશીનરીઓથી થાય તેમ હતું. છતાં ૮થી ૯ કરોડનાં કામોનું સિંચાઈ વિભાગ વેર-૨નાં અધિકારીઓએ ટેન્ડરિંગ કર્યું હતું. ટેન્ડરથી કામો કરાવવાનાં હતા છતાં આ ત્રણેય ચેકડેમ પૈકી પેરવડનું મોટા ભાગનું માટી કામ ટેક્નિકલ વિભાગની હેવી મશીનરીઓથી કરી નાંખ્યું હતું. આ કામ થયું તેનો ટેન્ડરમાં કોઈ ઉલ્લેખ સુધ્ધાએ કરાયો ન હતો. વ્યારા સિંચાઈના વેર-૨ના અધિકારીઓએ હાલમાં જ મહુવાના ઓંડચ ગામે ચેકડેમમાં ધોવાયેલાં ખેતરોમાં માટી પુરાણની કામગીરી પણ સિંચાઈના મિકેનિકલ વિભાગની મશીનરીઓથી કરાઈ, ત્યારે વ્યારાના આ ત્રણેય ચેકડેમનાં કિસ્સામાં મિકેનિકલ વિભાગની મશીનરીનો ઉપયોગ કેમ નહીં? એ ગંભીર તપાસનો વિષય બન્યો છે.

ઢોલીઉંમર, પેરવડ-હનુમંતિયા, ભોજપુરનાં કામો મિકેનિકલની મશીનરીઓથી કામ કરવા માટે સિંચાઈ વિભાગ વેર-૨ના અધિકારીએ મિકેનિકલ વિભાગને પત્ર પણ લખ્યો હતો, જેમાં આશરે ૬ કરોડનાં માટીનાં કામો કરવા જણાવ્યું હતું. જો માટીનાં કરોડોનાં કામો મિકેનિકલ વિભાગ પાસે કરાવવાનાં જ હતાં તો તેનાં ટેન્ડર બહાર કેમ પાડ્યાં? ઉચ્ચ ડિગ્રી ધરાવતા એન્જિનિયરો, હેવી મશીનરીઓ સિંચાઈ વિભાગની કચેરીમાં ઉપલબ્ધ છે. માટી પુરાણનું મહત્તમ કામ કરવા તેઓ સક્ષમ હતા, છતાં સિંચાઈ વિભાગના અધિકારીઓએ છેલ્લાં બે વર્ષ સુધી તેનો ઉપયોગ ન કરતા સરકારને મોટો ફટકો પડ્યો છે.

આ ત્રણેય ચેકડેમોના બેંક પ્રોટેક્શન વર્કમાં ધોવાયેલાં ખેતરોના પુરાણમાં હજારો ટન રેતી-ભાઠુંનું નદીમાંથી પુરાણ કરી લાખોની રોયલ્ટી ચોરીનું કૌભાંડ આચરવામાં આવ્યું છે. પેરવડમાં કામ સ્થળે કોણે કેટલી માટી નાંખી? મિકેનિકલ વિભાગની ડમ્પર સહિતની મશીનરીનાં કેટલા ફેરા થયા? લોગબુક પણ તપાસવી જરૂરી છે.

## તાતીઝગડામાં તળાવની પાળ સાથે અથડાતાં બાઈકચાલકનું મોત

પલસાણા: તાતીઝગડા ગામે તળાવની દીવાલ સાથે બાઈક અથડાતાં ચાલકનું મોત થયું હતું. પલસાણાના તાતીઝગડા નજીક ખોડિયાર માતાજીના મંદિર પાસે એક બાઈક તળાવની દીવાલ સાથે અથડાતાં ચાલકને ગંભીર ઈજા થઈ હતી. આ બનાવમાં સ્થાનિકોએ યુવકને સુરતની નવી સિવિલ હોસ્પિટલમાં પહોંચાડ્યો હતો. યુવકની ઓળખ તેના પેન્ટના ખિસ્સામાંથી મળેલા પાનકાર્ડના આધારે થઈ હતી. જેના પર તેનું નામ અંકુશકુમાર ભવાની (ઉં.વ.25) (રહે., ભીંડી બજાર, પલસાણા) હોવાનું જાણ થઈ હતી. આ યુવકનું નવી સિવિલ હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત થતાં પોલીસે એરથાણ ગામના સરપંચ શૈલેષ રાઠોડની ફરિયાદના આધારે મૃતક યુવક વિરુદ્ધ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## સાયણમાં અકસ્માતની ઘટનામાં કારચાલકે સારવારનો ખર્ચ ન આપતાં ફરિયાદ

**સારવારનો** ખર્ચ આપવાનું જણાવતાં જે-તે સમયે સમાધાન થયું હતું

સાયણ: સાયણમાં અકસ્માતની ઘટનામાં કારચાલકે સારવારનો ખર્ચ ન આપતાં પોલીસ ફરિયાદ થઈ હતી.મૂળ ઓરિસ્સાનો વતની જુધિષ્ઠીર સીમાચલ પાત્રા (ઉં.વ ૨૦) હાલમાં દેલાડ ગામે સ્વામિનારાયણ મંદિરની પાસે આવેલા સાંઈ એવન્યુ, એ-૨૦૨માં રહી બોબિન ભરવાનું કામ કરે છે. ગત તા.૨૭/૬/૨૦૨૪ના રોજ રાત્રે ૯:૪૫ કલાકે જુધિષ્ઠીર અને તેનો મિત્ર પપ્પુ ટુના સિયા સાયણ પૂર્વ વિસ્તારના એક પેટ્રોલપંપ ઉપર મો.સા. નં.(જીજે-૦૫, એલએક્સ-૮૪૩૨)માં પેટ્રોલ પુરાવી રેલવે ઓવરબ્રિજ ચઢી રહ્યો હતો. ત્યારે સામેથી પૂરઝડપે દોડતી કાર નં.(જીજે-૦૫,આર-૮૨૦૧)ના ચાલક સમરજીત ઉર્ફે શનિ ચેતનસિંહ ધીરજસિંહ ઠાકોર (રહે., વચલું ફળિયું, કંથરાજ, તા.ઓલપાડ)એ બાઈકને ટક્કર મારતાં બંને મિત્ર બ્રિજ ઉપર પટકાતાં જુધિષ્ઠીર તથા પપ્પુને ફ્રેક્ચર થયાં હતાં. એ સમયે કારચાલકે બંને ઈજાગ્રસ્તને હોસ્પિટલ સારવારનો ખર્ચ આપવાનું કબૂલ કરી સમાધાન કરતાં તે સમયે પોલીસ ફરિયાદ થઈ ન હતી. બાદ કારચાલકે ખર્ચ આપવા હાથ ઊંચા કરી દેતાં ઓલપાડ પોલીસમથકમાં કારચાલક વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાઈ હતી.

## કીમ પૂર્વમાં રોડની બાજુમાં ધોવાણ થતાં અકસ્માતનો ભય

કીમ: કીમ પૂર્વમાં આવેલા બેન્ક તરફ જતા રોડની સાઈડ ધોવાઈ ગઈ છે. અહીં આખો દિવસ ટ્રાફિકની ભરમાર રહે છે. ધોવાયેલી બાજુની સામે જ રિક્ષાચાલકો લાઈન લગાવતા હોય છે. ત્યારે પેસેન્જર્સ ભરવાની લાયમાં રોડની વચ્ચોવચ આવી જતા હોય છે. ભારે વાહનચાલક કે સ્કૂલ બસ સાઈડ પાસેથી પસાર થાય તો અકસ્માતનો ભય છે.



## હથોડાના ખેડૂતના ફળદ્રુપ ખેતરમાં કોઈક ઇસમે વેસ્ટેજનો જથ્થો ઠાલવી દીધો

**ખેડૂતે** પોલીસ ફરિયાદ સાથે ગ્રામ પંચાયતને રજૂઆત કરી

હથોડા: હથોડા ગામના ખેડૂતના ફળદ્રુપ ખેતરમાં વેસ્ટેજનો ધંધો કરનાર કોઈ માથાભારે ઈસમે રૂપિયા કમાવવાની લાલચમાં મોટી માત્રામાં વેસ્ટેજનો જથ્થો ઠાલવતાં ખેડૂતે પોલીસ તંત્ર તેમજ ગ્રામ પંચાયતમાં લેખિત ફરિયાદ આપી પગલાં ભરવા માંગ કરી છે.



ઈબ્રાહિમ કાનુ

હથોડા ગામે પઠાણ ફળિયામાં રહેતા અક્રમ ઐયુબ ગુલઝારનું હથોડા ગામની સીમમાં બ્લોક નં.522 તરીકે ફળદ્રુપ ખેતર આવેલું છે. જે ખેતરમાં કોઈ વેસ્ટેજનો ધંધો કરનાર માથાભારે ઈસમે રૂપિયા કમાવવાની લાલચે રાત્રિના સમયે ખેતરમાં ખરાબ દુર્ગંધ મારતો વેસ્ટેજનો જથ્થો ઠાલવી દેતાં ખેડૂતના ફળદ્રુપ ખેતરને મોટું નુકસાન થાય એવી દહેશત સાથે પાલોદ પોલીસ અને હથોડા ગ્રામ પંચાયત કચેરીમાં ખેડૂતે લેખિત ફરિયાદ આપી હતી. સાથે યોગ્ય તપાસ કરી આવો ગંભીર ગુનો કરવા બદલ ગુનો દાખલ કરી કડક કાર્યવાહી કરવાની માંગ કરી છે.

# સંક્ષિપ્ત સમાચાર

## બારડોલી હાટ બજાર પાસે ચોરીના મોબાઇલ થેલીમાં ભરી ગ્રાહક શોધતી મહિલા ઝડપાઈ



બારડોલી: બારડોલી ટાઉન પોલીસની ટીમને ખાનગી રાહે બાતમી મળી હતી કે, બારડોલી-સુરત રોડ પર ભાગ્યોદય હોટલની બાજુમાં રવિવાર હાટ બજાર ભરાય છે. ત્યાં એક બહેન જેની પાસે એક થેલીમાં મોબાઇલ ફોન ભરેલા છે અને જે મોબાઇલ ફોન વેચવા માટે ગ્રાહકો શોધે છે. આ ફોન ચોરીના હોવાનું જણાઈ આવતાં પોલીસે સ્થળ પર પહોંચી બાતમી મુજબ મહિલાને ઝડપતાં તેની પાસેથી 13 જેટલા મોબાઇલ ફોન મળી આવ્યા હતા. તેન ગામથી ચોરી થયેલા ત્રણ મોબાઇલ સહિત 1,32,500 રૂપિયાનો મુદ્દામાલ કબજે કર્યો હતો. પોલીસે મહિલા તારાબેન ઉર્ફે અનિલ ગલારામ રાજનટ (ઉં.વ.31) (હાલ રહે., સંતોષીનગર, ભીમનગર, નવાગામ, ડિંડોલી, સુરત, મૂળ રહે., પાલી, રાજસ્થાન)ની ધરપકડ કરી હતી.

## ચીખલીથી બાઇક ચોરી વેચવાના ઇરાદે ફરતો બિહારનો ચોર ઝડપાયો

પલસાણા: સુરત એલસીબીનીને બાતમી મળી હતી કે, એક ઈસમ ચોરીની મોટરસાઇકલ નં.(જીજે 21બીબી 7301) તથા ચોરીના મોબાઇલ ફોન પોતાના કબજામાં રાખી કડોદરા હનુમાન મંદિર પાસેથી જોળવા તરફ વેચાણ કરવા જનાર છે. આથી પોલીસે જોળવાથી એકને પકડી પૂછપરછ કરતાં આ બાઇક ગત સપ્તાહે ચીખલીથી ચોરી કરી હતી અને તે વેચાણ કરવા ફરતો હોવાની કબૂલાત કરી હતી. તેણે તેનું નામ દીપક શત્રુઘ્ન પાંડે (ઉં.વ.24) (રહે., 55/એ તિરુપતિ સોસાયટી, ચલથાણ, મૂળ રહે., છપરા, બિહાર) હોવાનું જણાવ્યું હતું. પોલીસે બાઇક કિં.રૂ.30 હજાર, 4 મોબાઇલ ફોન કિં.રૂ. 20 હજાર, બેટરી કિં.રૂ.2000 મળી કુલ 52 હજારનો મુદ્દામાલ કબજે કર્યો હતો.

## નિઝરના ભીલ જાંબોલી ગામે બસ નહીં ફાળવતાં વિદ્યાર્થીઓને હાલાકી



વ્યારા: નિઝરના ભીલ જાંબોલી ગામની રૂમકી તળાવ ખાતે આવેલી સરકારી ઉચ્ચ માધ્યમિક શાળામાં ભણતી વિદ્યાર્થિનીઓએ સાંજે ૫ વાગેની ઉચ્છલ-નિઝર એસટી બસ ભીલ જાંબોલી ગામે વાયા કરવા આવેદન આપી રજૂઆત કરી હતી, પરંતુ સોનગઢ ડેપોથી બસ આપવામાં આવી નથી. જેથી વિદ્યાર્થિનીઓને રોજ સાંજે કિ.મી. પગપાળા ચાલવું પડે છે. વિદ્યાર્થિનીઓ જણાવે છે કે, હાલ વરસાદ વરસી રહ્યો છે, જ્યારે તેઓ રોજ કિ.મી. ભીલ જાંબોલી ગામે વરસાદમાં ભીંજાતા ભીંજાતા ઘરે પહોંચે છે. આમ ખૂબ જ મુશ્કેલીઓનો સામનો કરવા લાચાર બની છે. વિદ્યાર્થિનીઓના અભ્યાસ પર તેની સીધી અસર થઈ રહી છે.

## માંડવીના તરસાડા ગામે ભવાની માતાજીના મંદિરે હવન કરાયો



હિતેશ પટેલ

માંડવી: માંડવીના તરસાડાના રાજપૂતોની કુળદેવી ગણાતી ભવાની માતાજીના મંદિરે અષાઢ સુદ આઠમ ને રવિવારે સવારે 8 કલાકે હોમ હવનનું આયોજન કરાયું હતું. આ આયોજન દર વર્ષે લોકોના આરોગ્યની રક્ષા, સુખાકારી, મેઘમહેર થાય અને ખેતીના પાકોમાં વૃદ્ધિ થાય તેવા હેતુથી કરાયું હતું. આ યજ્ઞ બાદ મહાપ્રસાદીનું આયોજન કરાયું હતું. જેનો મોટી સંખ્યામાં ગ્રામજનોએ લાભ લીધો હતો.

## અંકલેશ્વર ઓએનજીસી બ્રિજનો લાખોનો ખર્ચ માથે

અંકલેશ્વર: અંકલેશ્વર ઓએનજીસી બ્રિજની લાખોની ખર્ચે કામગીરીમાં ફરી ભૂવો પડ્યો હતો. ત્યારે તંત્રએ તાત્કાલિક કોંક્રીટ નાંખી દીધું હતું.